ગાંધીનગર સમાચાર



# શહેરમાં કેમેરાથી બચવા અવનવી તરકીબો

## ઈ-મેમોથી બચવા વાહનચાલકો મોટા વાહનની આડશમાં જ વાહન ચલાવે છે : કેટલા વાહનચાલકો કેમેરો જોતા જ હેલમેટ પહેરી લે છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરમાં ત્રીજી આંખ સમાન સી.સી. ટીવી કેમેરા જાહેર માર્ગો પર લગાવવામાં આવતા ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો કેમેરાની નજરથી બચવા નીતનવા નુસખા અને તરકીબો શોધી રહ્યા છે. આવા કેટલાક વાહનચાલકો માર્ગ પર લગાવેલા કેમેરામાં કેદ પણ થઈ ગયા છે. કાયદો કે તેની અમલવારી તંત્ર ગમે તેટલી કરાવે પ્રજા એનો જુગાડ જરૂરી શોધી લે છે તે આવા વાહનચાલકો પરથી સ્પષ્ટ થાય છે.

ગાંધીનગર શહેરમાં વારંવાર બનતા ગંભીર પ્રકારના ગુનાઓને શોધી કાઢવા અને માર્ગો પર બેફામગતિએ દોડતા તેમજ બિન્દાસપણે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો પર નજર રાખવા સ્માર્ટસીટી પ્રોજેકટ હેઠળ તમામ માર્ગો પર ૨૫૦ જેટલા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. શહેરના માર્ગો પર કેમેરા લગાવવામાં આવતા ટ્રાફિક પોલીસે પણ વિશેષ સોફટવેરની મદદથી ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોને દંડવા મેમો સીધો જ તેના ઘરે પહોંચાડવા સિસ્ટમ બનાવી છે પરંતુ ગાંધીનગરના વાહનચાલકોએ કેમેરાની નજર અને પોલીસ પાવતીથી બચવા અવનવા રસ્તા અને જુગાડ શોધી લીધા છે. કેટલાક દ્વિચક્રી વાહનચાલકો પોલીસના કેમેરાથી બચવા કેમેરો જોતા જ વાહનની નંબર પ્લેટ પર હાથ મુકી દે છે, કેટલાક વાહનચાલકો બસ જેવા મોટા વાહનની આડશમાં જ બસ પાછળ પાછળ વાહન ચલાવતા હોય છે. કેટલાક વાહનચાલકો તો શહેરના મુખ્ય માર્ગો છોડીને હવે આંતરિક માર્ગો જ પસંદ કરે છે જયાં કેમેરા લગાવેલા નથી તો કયાંક વાહનચાલકો હેલમેટ સાથે રાખે છે ને કેમેરો જોતા જ હેલમેટ પહેરી લે છે. કેટલીક મહિલાઓ પણ હેલમેટ આગળ ઉભા રાખેલા પોતાના બાળકને જ હેલમેટ રાખવા આપે છે. કેમેરો જોતા જ હેલમેટ પહેરી લે છે તેવા નુસખા અપનાવતા વાહનચાલકો પોલીસના કેમેરામાં કેદ થયા છે. પરંતુ આવા વાહનચાલકો સામે પોલીસ તંત્ર પણ લાચાર છે. પોલીસ કાયદાનું પાલન વાહનચાલકોની જીંદગી માટે જ કરાવે છે પરંતુ વાહનચાલકો તેને પોલીસની કડકાઈ અને અત્યાચાર માને છે. વાહનચાલકોએ પોતે પણ પોતાની જવાબદારી ન ભૂલવી જોઈએ તે જરૂરી છે.



## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૩ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર ૭.૩૨ કલાકનો રહેશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી અને વેપારી મહામંડળ દ્વારા બપોરે ૧.૩૦ થી ૪.૩૦ કલાક દરમિયાન સ્વામિનારાયણ મંદિરની પાછળ સેકટર-૨ના શોપીંગ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● પ્લોટ નં. ૫૧૯/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૧ ખાતે સાંજના ૫ થી ૭ કલાક દરમિયાન મહિલાઓ માટે દુઃખાવા માટે શેક અને એકયુપ્રેશરની નિઃશુલ્ક સારવારનો કેમ્પ યોજાશે.

● જયોતિ મહિલા મંડળ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સે-૧૬, યુથ હોસ્ટેલ ખાતે અથાણાની સ્પર્ધા યોજાશે.

● શ્રી મોઢેશ્વરી માતંગી માતાજી મંદિરના દ્વિતિય પાટોત્સવ નિમિત્તે પેથાપુરના મોટેશ્વરી ભવન ખાતે સવારે ૬.૦૦ કલાકે અભિષેક, ૮.૩૦ કલાકે શણગારની આરતી, ૯.૩૦ કલાકે યજ્ઞનો પ્રારંભ કરવામાં આવશે. આ ઉપરાંત ૧૦.૩૦ કલાકે અન્નકુટની આરતી ત્યારબાદ ૧.૦૦ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ કરાશે.

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો, ઈન્દુબેન ભટ્ટ, પ્લોટ નં. ૧૦૯૩/૧, સે-૬-સી ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● રથયાત્રાના પર્વના સંદર્ભે જિલ્લા કલેકટરે આજે બેઠક બોલાવી હતી. આ બેઠકમાં સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. એ પણ હાજરી આપી હતી.

● ઘ-૪ સર્કલે ઉદ્યોગભવન વાળા રોડ પર રોંગ સાઈડ ડ્રાઈવ કરનારા વાહનચાલકોને અટકાવવા ટ્રાફિક પોલીસના કોન્સ્ટેબલને તૈનાત કરવામાં આવ્યા છે. જો કે ગાંધીનગરના 'જંતર મંતર' સમાન બની ચુકેલા ઘ-૪ સર્કલથી મહાત્મા મંદિર અને સચિવલાય એમ બંને તરફના માર્ગો 'વન-વે' છે તેની હજુ નગરના વાહનચાલકોને ખબર જ નથી.

● શહેરમાં ચાલી રહેલા ટ્રાફિકના નિયમો જેવા કે હેલ્મેટ વગેરેના પાલનમાં પોલીસ જયારે દંડની રસીદ ફાડે ત્યારે કેટલાક વાહનચાલકો ખિસ્સામાં માત્ર ૨૦ કે ૩૦ રૂપિયા જ છે તેવી સ્થિતિ દર્શાવતા ટ્રાફિક પોલીસ પણ મુંઝવણમાં મુકાઈ જાય છે. ખાસ કરીને મહિલા વાહન ચાલકો તો શાક લેવા કે દૂધ લેવા નીકળી હતી થી માંડીને આંસુ પાડવા સુધીના હથિયારો અજમાવી લેતા હોઈ ટ્રાફિક પોલીસને દંડ વસુલતા પરસેવો છુટી જાય છે.

● ગાંધીનગરમાં વરસાદ ભલે ના આવ્યો પરંતુ વરસાદી માહોલ છવાતા સરિતા ઉદ્યાનમાં કોલેજિયનોના ગ્રૂપ ફોટોગ્રાફી કરવા પહોંચી ગયા હતા.

# પીએસઆઈની રીવોલ્વરનું ટ્રીગર કિશોરથી દબાઈ જતા ફાયરીંગ

## ગાંધીનગર એસઓજી પીએસઆઈ સંબંધીને ત્યાં આણંદ ગયા હતા : કિશોરથી રીવોલ્વરનું ટ્રીગર અકસ્માતે દબાઈ જતા તેની બહેનને ગોળી વાગી ગઈ : હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એસ.ઓ.જી. પી.એસ.આઈ. ગઈ સાંજે સંબંધીને ત્યાં આણંદ ગયા હતા. ત્યાં તેમની રીવોલ્વર ઘરમાં મુકી ત્યારે કિશોરે લીધી અને અકસ્માતે ટ્રીગર દબાઈ જતા ફાયરીંગ થઈ ગયું હતું અને કિશોરની મોટી બેનને આંખની નજીકના ભાગે ગોળી વાગી ગઈ હતી. ઈજાગ્રસ્ત કિશોરી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ મામલે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે ગાંધીનગર એસઓજીમાં ફરજ બજાવતા પીએસઆઈ એમ.પી. ચૌહાણ રજા લઈને સંબંધીને ત્યાં આણંદ મોગરી વિસ્તારમાં સ્થિત ગજાનંદ સોસયટીમાં ગયા હતા. તેમણે ઘરે રિવોલ્વર સંભાળીને મુકી દીધી હતી. આ રિવોલ્વર પર સંબંધીના નાના દિકરા કુંજનું ધ્યાન પડી જતા તેણે રિવોલ્વર હાથમાં લઈ લીધી હતી અને અકસ્માતે ટ્રીગર દબાઈ જતા ૯ એમ.એમ. સર્વિસ પિસ્ટલમાંથી ફાયરીંગ થઈ ગયું હતું. પિસ્ટલમાંથી બુલેટ છુટીને તેની મોટીબહેન ૧૭ વર્ષીય ક્રિશ્ના પટેલને આંખના ભાગે વાગી જતા ઘાયલ થવા પામી હતી. તેણીને સારવાર માટે શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદ ખાતે લઈ જઈ આઈસીયુમાં દાખલ કરવામાં આવી છે. આ સંદર્ભે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધાવા પામી છે.

## શ્રી જલારામ મંદિરમાં રથયાત્રાનું મોસાળુ

દર વર્ષની જેમ આ વર્ષે પણ નગરમાં ધામધૂમ સાથે રથયાત્રા નીકળશે. અષાઢ સુદ બીજના દિવસે નગરમાં નીકળનાર રથયાત્રા બપોરે પ્રસાદ અને વિરામ માટે મોસાળ સ્થાન સેકટર-૨૯ જલારામ ધામ ખાતે પધારશે. શ્રી જલારામ સેવા સમાજ દ્વારા ભાવિક ભકતો માટે શુધ્ધ ઘીનો મોહનથાળ ૧૦૦ કિલો, ૩૦૦ કિલો ચોખા અને ૧૫૦ કિલો મગદાળની ખીચડી, ૫૦૦ કીલો બટાકા-વટાણા-ટામેટાનું શાક અને ૨૦૦૦ લીટર ઠંડી છાશ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનો લાભ લેવા સમગ્ર ગાંધીનગરના ભાવિકોને સંસ્થાના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી અને મંત્રી સેવંતીલાલ ઠકકર દ્વારા જણાવાયું છે.

## નર્મદા કેનાલમાંથી બે મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા જમીયતપુરા ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બે બિનવારસી યુવતીઓના મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આશરે ૩૦ થી ૩૨ વર્ષીય યુવતીનો મૃતદેહ બપોરના અરસામાં મળી આવ્યો હતો. આશરે પાંચ છ દિવસથી કેનાલના પાણીમાં મૃતદેહ પડયો હોય તેવી આશંકા વિકૃત થઈ ગયેલા મૃતદેહ પરથી વ્યકત કરવામાં આવી છે. તો બીજી તરફ વોટર સાઈડ હોલ નજીક કેનાલમાંથી બપોર બાદ આશરે ૨૦ થી ૨૫ વર્ષની યુવતીનો મૃતદેહ મળી આવ્યો છે. બંને બિનવારસી મૃતદેહ પીએમ માટે મોકલી અડાલજ પોલીસે ગુનો નોંધી ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

## ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ. સોસાયટી દ્વારા પાંચ ઉમેદવારો ચૂંટાયા

ધ ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ ન્યુ ક્રેડિટ સોસાયટી ગાંધીનગર દ્વારા ગત તા. ૨ ૩મી જૂનના રોજ બોર્ડ ઓફ ડીરેકટર્સ માટેની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ચુંટણીમાં કુલ ૯ ઉમેદવારો દ્વારા ઉમેદવારી કરવામાં આવી હતી. જેમાંથી કુલ પાંચ ઉમેદવારો ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ ક્રમાંકે અતુલકુમાર પટેલ બીજા ક્રમાંકે અશ્વિનકુમાર વ્યાસ, ત્રીજા ક્રમાંકે રાજુલ ભટ્ટ, ચોથા ક્રમાંકે હર્ષદસિંહ વાઘેલા અને પાંચમા ક્રમાંકે મહેશસિંહ વાઘેલા વિજેતા જાહેર થયા હતા.

# બીસીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કેરિયર માર્ગદર્શન આપ્યું

ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓ માટે આજ રોજ કોલેજના ટીસીએસ-મલ્ટીનેશનલ કંપનીઓમાં નોકરી માટે પસંદ થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કેરિયર, માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ કોલેજના આઠ વિદ્યાર્થીઓમાં દિપક શર્મા, બતુલ વોહરા, ફૈઝાન અકોદરવાલા, દેવાંગ પટેલ, દિવ્યેશ મિત્તલ, કરણ મોઢવાડિયા, અંજલીકુમારી કે જેઓએ ટીસીએસ દ્વારા લેવાતી પ્લેસમેન્ટ ડ્રાઈવ-નેકસ્ટ સ્ટેપમાં ઈન્ટરવ્યૂના બધા જ સ્ટેજમાં ખૂબ જ સારો દેખાવ કરી ઉત્તીર્ણ થયા છે. કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહ દ્વારા સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. ટીસીએસમાં જ પ્લેસમેન્ટ મેળવેલ નિરાલી મકવાણાનો પણ હાલના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા આમંત્રિત કરવામાં આવી હતી.

કોલેજના આ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓને એપ્ટિટયૂડ ટેસ્ટ, લોજિક, રીઝનીંગ, જીકે, ગ્રુપ ડિસ્કશન અને એચઆરમાં કેવી રીતે સફળતા મેળવાય તેની પોતાના સ્વ અનુભવને આધારે તલસ્પર્શી માહિતી આપી હતી. આ સેમિનારમાં વિષય તજજ્ઞ તરીકે પ્રો. દિગ્વિજયસિંહ વિરપુરાએ સેવાઓ આપી હતી.

કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા સેમિનાર અને વર્કશોપની વિસ્તૃત માહિતી આપતા ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહે જણાવ્યું હતું કે આગામી સમયમાં જયારે ઈ કોમર્સ ક્ષેત્રે લોકોની પસંદગી અને ખરીદ શકિત વધી રહી છે ત્યારે ઓન-લાઈન શોપિંગના નેજા હેઠળ ચાલતી અગણિત વેબસાઈટ તથા મોબાઈલ એપ્સમાં સચવાતા કરોડો ડેટાને સંગ્રહ કરવા અને સંચાલિત કરવા બિગડેટા અને ડેટા ટ્રાન્ઝેકશન તરફ વિદ્યાર્થીઓને વધુ માહિતી મળી રહે તે માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ સમગ્ર સેમિનારમાં સેમેસ્ટર-૫ના ૬૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમણે આ ક્ષેત્રમાં મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પણ મેળવ્યું હતું. સેમિનારનું આયોજન પ્રો.મોનિકા પટેલ અને પ્રો. પ્રિયંકા શાહ દ્વારા ડાયરેકટર ડૉ.સંજય શાહના માર્ગદર્શન હેઠળ થયું હતું.

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓને માર્કેટીંગનું પ્લેટફોર્મ પુરું પડાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં બાળકો તથા સ્ત્રીઓના સશકિતરણ માટે 'ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ' સતત કાર્યરત છે. અત્યાર સુધી સ્ત્રીઓ સાથે તેઓને સામાજિક, શારીરિક તથા માનસિક રીતે મદદરૂપ થવાનું કામ કરે છે. તેઓને આગળ લાવવા માટેના અવનવા કાર્ય માટે સંસ્થા સતત પ્રયાસરત છે. આજની આ મોંઘવારીમાં સ્ત્રીઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે સંસ્થાએ નવો પ્રયાસ આદર્યો છે. બહેનોને પગભર થવા અને મદદરૂપ બનવા માટે એક યોજના બનાવી છે.

સ્ત્રીઓ ઘરે બેસીને અવનવી વસ્તુઓ બનાવતી હોય જેમ કે હેન્ડીક્રાફટની વિવિધ વસ્તુમાં કલોથવર્ક, કેન્ડલ વર્ક, લામસા વર્ક, ફલાવર વર્ક, જવેલરી મેકિંગ, કિવલિંગ વર્ક, ભરતવર્ક બધા પ્રકારના પેઈન્ટીંગ્સ (દા.ત. કેન્વાસ પેઈન્ટિંગ્સ, વેલવેટ પેઈન્ટિંગ્સ, ગ્લાસ પેઈન્ટિંગ્સ વગેરે...) વુડેન વર્ક વગેરે... સ્ત્રીઓ આવી વસ્તુઓ બનાવી અને ઘરે બેસીને વેચાણ કરતી હોય પરંતુ તેઓને વેચાણ માટે ખૂબ તકલીફો પડતી હોય છે તથા જરૂરી નફો પણ મળતો નથી. તેથી સ્ત્રીઓને તેમની વસ્તુઓ ઘરે બેસી તૈયાર કરે અને તેમની ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ કરી આપવા માટેનું એક નવું પ્લેટફોર્મ ઉદગમ દ્વારા તૈયાર કરવામાં આવનાર છે. જેમાં તેઓને ઘરે બેસીને તેમની વસ્તુઓ સંસ્થાના માધ્યમથી વેચી આપવામાં આવશે અને સ્ત્રીઓ ઘરે બેસીને પણ પોતાની રોજગારી મેળવી શકે અને તેઓ આર્થિક રીતે પગભર થઈ શકે.

જે બહેનો પોતાના શોખને વ્યવસાયમાં ફેરવવા માંગતી હોય અથવા જે બહેનો કોઈ પણ પ્રકારની વસ્તુઓ ઘરે બનાવતી હોય તેઓને માર્કેટ પુરું પાડવાના પ્રયાસ સંસ્થા દ્વારા કરી આપવામાં આવશે. ગાંધીનગરમાં વસવાટ કરતી કોઈ પણ બહેનો જે આ કાર્યમાં જોડાવા માંગતી હોય તેઓએ પ્રોજેકટ કોઓર્ડીનેટર અંજલીબેન ચૌહાણના મો.નં. ૯૨૭૪૪૦૧૭૧૧ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# શહેરમાં વન વિભાગનું આડેધડ વૃક્ષારોપણ

## ઝાડ નીચે જ કરાયેલા વૃક્ષારોપણમાં વૃક્ષોનો ઉછેર અશકય, દફતરે ટાર્ગેટ પૂરો કરવા કરાતાં વૃક્ષારોપણથી પર્યાવરણ પ્રેમીઓ નારાજ, ફેન્સીંગ કરેલા સિમેન્ટના થાંભલાને પણ લાકડાનો ટેકો

ગાંધીનગર, તા.૨૯

હરીયાળા પાટનગરમાં વન વિભાગની કામગીરી અધિકારીઓની ફકત નોકરી પુરતી જ રહી હોય તેવા દશ્યો સર્જાવા લાગ્યા છે. પાટનગરમાં વૃક્ષારોપણ માટે કરાયેલા ખાડા અને વૃક્ષોની કોઈ પણ જાતની દરકાર લેવામાં જ આવતી નથી. વધુમાં દફતરે ટાર્ગેટ પુરો કરવા કોઈ પણ જાતના સર્વે કે નિરીક્ષણ વગર આડેધડ વૃક્ષારોપણ થઈ રહ્યું છે જેથી વૃક્ષોનું બાળમરણ થાય છે અને ખર્ચાયેલા નાણાં વ્યર્થ જઈ રહ્યા છે. વૃક્ષારોપણ માટે જરૂરી સાધન સુવિધા સહિતના મટીરીયલ્સમાં પણ ભ્રષ્ટાચાર થયો હોય તેવા લોકનજરે દશ્યો ઉભા થયા છે.

શહેરમાં વનવિભાગ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવે છે. આ વૃક્ષારોપણ તેના કાર્યક્રમના મસ મોટાં દેખાડા પછી વ્યર્થ બની રહ્યું છે. જેમાં ચ માર્ગ ઉપર જિલ્લા પંચાયત પાસે તાજેતરમાં કરવામાં આવેલું વૃક્ષારોપણ નિરર્થક બની રહ્યું છે. વનવિભાગ વૃક્ષોના ઉછેર કેવા સંજોગોમાં અને કેવી રીતે થાય તેનાથી જાણે કે બિલકુલ અજાણ હોય તેમ ઘટાટોપ વૃક્ષોની નીચે વૃક્ષારોપણ કરી દીધું છે. જેથી પુરતા સૂર્યપ્રકાશ અને વરસાદી પાણી વગર આ વૃક્ષોનું હાલ બાળમરણ થઈ ગયું છે. વધુમાં આ વૃક્ષોના રોપાની સલામતી માટે બનાવેલ ફેન્સીંગમાં વપરાયેલા થાંભલા પણ તકલાદી હોવાથી તેને લાકડાનો ટેકો આપવો પડયો છે. જેથી પસાર થતા નગરજનો વનવિભાગનો ખુલ્લમખુલ્લો ભ્રષ્ટાચાર નરી આંખે નિહાળી અફસોસ વ્યકત કરી રહ્યા છે.

શહેરમાં અનેક ઠેકાણે વન વિભાગે ખાડા ખોદી નાખ્યા છે. જેમાં પાંદડા અને કચરો ભરાઈને ગંદકી થઈ રહી છે તો વરસાદમાં આ ખાડા અકસ્માત સર્જે તેવી શકયતાઓ છે છતાં જરૂરી ન હોય તેવા ખાડા પૂરવાની પણ તસ્દી વન વિભાગ લઈ નથી રહ્યું અને શહેરીજનોને ભગવાન ભરોસે મુકી દીધા છે. લીલાછમ્મ વૃક્ષોની યોગ્ય કાળજી, દરકાર અને સમયસરની માવજત થઈ રહી નથી જેથી ચોમાસામાં અનેક વૃક્ષો ધરાશાયી થઈ અડચણ પેદા કરે છે. વન વિભાગની આ અક્ષમ્ય બેદરકારી અંગે વનમંત્રી તેમજ વિજીલન્સ તપાસ થાય તે હવે અત્યંત જરૂરી બન્યું હોવાનું દુઃખ સાથે પર્યાવરણ પ્રેમીઓ જણાવી રહ્યા છે.







(તસવીર : નટુભાઈ પટેલ)

## રાજય સરકારની ડી.બી.ટી. પધ્ધતિથી સમયસર શિષ્યવૃત્તિ જોગ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાની તમામ કોલેજોમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રાજય સરકારની ડી.બી.ટી. પધ્ધતિથી સમયસર શિષ્યવૃત્તિ મળી રહે તે હેતુથી દરેક કોલેજને જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી,ગાંધીનગર દ્વારા પત્રથી જાણ કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા મુજબની સૂચનાઓ ધ્યાને લઈ દરખાસ્ત તૈયાર કરી શિષ્યવૃત્તિની કામગીરી કરતા સંબંધિત કોલેજના જાણકાર કર્મચારીને જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની સહયોગ સંકુલ, પ્રથમ માળ, બી-બ્લોક, સે-૧૧, ગાંધીનગરની કચેરીને રૂબરૂ હાજર રહેવા જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) ગાંધીનગરને અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સે-૧૯ જીમખાના ખાતે ડો. રાકેશ ભટ્ટનું વકતવ્ય

વૈદ્ય સચિવાલય આયુર્વેદિક કલિનીક ગાંધીનગર દ્વારા આગામી તા. ૩ જુલાઈને રવિવારના રોજ વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૧૯ જીમખાના ખાતે સાંજે ૫.૩૦ કલાકે ડૉ. રાકેશ ભટ્ટ દ્વારા બ્લડપ્રેશર ઉપર આયુર્વેદ ચિકીત્સાની અસર ઉપર વકતવ્ય આપવામાં આવશે. જેમાં જીમખાનાના સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. મોચી દેવીબેન કેવળદાસ, ઉ.વ.૭૫
- સ્વ. સોલંકી સવિતાબેન બાબુજી, ઉ.વ.૫૩
- સ્વ. ડૉ. ગાંધી ત્રિકમલાલ દેવચંદ, ઉ.વ.૮૧
- સ્વ. બુચ હરવિદ્યા વિનાયકપ્રસાદ, ઉ.વ.૮૬
- સ્વ. પટેલ શંકરલાલ ખોડીદાસ, ઉ.વ.૭૪